ગાંધીનગર સમાચાર

વોર્ડ નં.૮ના આંતરિક માર્ગોની મરામત અત્યંત જરૂરી

# આજે શહેરમાં અંદાજે ૨૦ લાખના ખાજા આરોગાશે

## શહેરના વિવિધ સ્થળોએ આવેલા ૮૦થી પણ વધુ સ્ટોલ પર ખાજાનું વેચાણ



ગાંધીનગર, તા.૨૧

નાગપંચમીના દિવસે ખાજા ખાવાનું અનેરુ મહત્વ છે. પવિત્ર શ્રાવણમાસમાં ભકતો ભોળાનાથની ભકિતમાં તલ્લીન બની જાય છે.ત્યારે નાગપાંચમના દિવસે ગોગા મહારાજની પૂજા-અર્ચના કરતા ભકતો વિશેષ જોવા મળે છે. નાગપાંચમને અનુલક્ષી શહેરના વિવિધ સ્થળો પર અંદાજે ૮૦ વધુ સ્ટોલ પર વિવિધ સ્વાદના ખાજાનું વેચાણ થશે. મોંઘવારીની અસર ખાજાના ભાવ પર પડતા નગરજનોમાં નારજગી પણ જોવા મળી રહી છે. ગત્ વર્ષ કરતા આ વર્ષે ખાજાના ભાવમાં અંદાજે ૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. શહેરમાં રૂ.૨૨૦થી રૂ.૨૪૦ના કિલોના ભાવે ખાજાનું વેચાણ વેપારીઓ દ્વારા કરવામાં આવશે જયારે ચોખ્ખા ઘીના ખાજાનો ભાવ રૂ.૪૮૦ રાખવામાં આવ્યો છે. શહેરમાં અંદાજે ૧૦ હજાર કિલો ખાજાનું વેચાણ થાય છે. તીખા, ગળ્યા, ખારા, મોળા, સહિતના ખાજા આરોગી નગરજનો નાગપાંચમના પર્વની ઉજવણી કરશે.

પવિત્ર શ્રાવણ માસમાં વિવિધ તહેવારો આવતા હોવાથી નાગરીકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. શ્રાવણ માસ એટલે ભોળાનાથની ભકિત કરવાનો મહિનો, શ્રાવણ માસમાં દર સોમવારે મહાદેવના મંદિરો પર સવારથી જ ભકતોની ભારે ભીડ જોવા મળે છે ત્યારે આ વખતે સોમવાર અને નાગપાંચમનો સુંદર સમન્વય સર્જાતા ભકતોમાં ખુશી જોવા મળી રહી છે. ત્યારે શિવમંદિરની સાથોસાથ ગોગા મહારાજના મંદિરોમાં પણ સવારથી ભકતોનું ઘોડાપુર જોવા મળશે. ગોગા મહારાજની પૂજા કર્યા બાદ ભકતો ખાજા પ્રસાદી સ્વરુપે ખાતા હોય છે. જેથી નાગપાંચમીના તહેવારને લઈ શહેરના વેપારીઓએ અગાઉથી ખાજાનો સ્ટોક કરી દીધો છે. ખાજાની ખરીદી માટે સવારથી જ ખાજાના સ્ટોલ પર લાંબી લાઈનો જોવા મળે છે. સમગ્ર શહેરમાં અંદાજે ૮૦ થી વધુ સ્ટોલ પર ખાજાનું વેચાણ વેપારીઓ દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે મોંઘવારી હોવાથી ખાજાના ભાવમાં પણ ૧૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. છતા પણ મોંઘવારી ગાંધીનગરાઓને નડતી હોય તેવું લાગતું નથી. બજારમાં ચોખ્ખા ઘી ના ખાજાનો ભાવ રૂ.૪૮૦ છે જયારે તેલમાં બનાવેલા ખાજાનો ભાવ રૂ.૨૨૦ થી રૂ. ૨૪૦ જોવા મળ્યો છે. સ્વાદના શોખીને નગરજનો ગમે તે તહેવાર હોય આનંદ ઉલ્લાસથી ઉજવણી કરે છે. નાગપાંચમના તહેવારને અનુલક્ષી વિવિધ પ્રકારના અંદાજે રૂ.૨૦ લાખના ખાજા નગરજનો આરોગી જશે.

## @ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે દિનેશભાઈ દવેના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૭/૨, સે-૪-એ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રીકાર્તિક ચરિત્ર્ય તથા શિવકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના મયંકભાઈ ભટ્ટ, સે-૨૮, કોલવડાનગર ખાતે રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.

● ભુવનેશ્વર મહાદેવ સે-૬ ખાતે સાંજે ૭.૩૦ કલાકે શ્રી ભુવનેશ્વર મહાદેવને બિલિપત્રનો અવિરત અભિષેક તથા કમળ સુશોભન સાથે મહાઆરતીનું આયોજન કરાયેલ છે.

● વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર આયોજિત શિવ મહિમ્ન સ્તોત્ર તથા શિવપુજા શ્રી અતુલભાઈ પંડયા (એડવોકેટ), પ્લોટ નં. ૮૦૦/૨, જાગૃતિ પાર્ક, સે-૩૦, રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર સાઈ દ્વારા આયોજિત તિરંગા યાત્રામાં પ્રો કબડ્ડીના ખેલાડીઓ સામેલ થવાના સમાચારે શહેરના કબડ્ડી પ્રેમી બાળકો તેમને નિહાળવા ઉમટી પડયા હતા. વહેલી સવારે નીકળેલ આ તિરંગા યાત્રાને લીડ કરી રહેલા પ્રો કબડ્ડીના સ્ટાર ખેલાડીઓને જોઈ બાળકો રોમાંચિત થયા હતા.

● થાનગઢ હત્યાકાંડના પિડીતો દ્વારા સમાધાન સમિતિ બનાવી સરકાર સાથે સમાધાન કરી લેતા સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા ૨૦થી વધુ દિવસથી ચાલી રહેલ આંદોલન રવિવારે સમેટવાનું હતું. જો કે અચાનક બપોરે સમિતિમાં મતભેદ સર્જાતા કેટલાક આગેવાનોએ આંદોલન ચાલુ રાખવાનો નિર્ણય જણાવ્યો હતો.

● સે-૨૮ના બાલોદ્યાન ખાતે મિની ટ્રેન તથા બોટીંગની ટિકીટના દરોમાં કરાયેલા બમણા વધારાને મિશ્ર પ્રતિભાવ મળી રહ્યા છે. કેટલાક નગરજનો નાણાની સામે યોગ્ય સવલત તથા ગુણવત્તા મળવી જોઈએ તેવું જણાવી રહ્યા છે તો કેટલાક ભાવ વધારાને સામાન્ય પ્રજાના મનોરંજન પર ફટકા સમાન ગણાવી રહ્યા છે.

● સોમવારથી પ્રારંભ થતા સપ્તાહ સાથે જ તહેવારોની મૌસમનો પણ પ્રારંભ થઈ રહ્યો છે. આગામી સપ્તાહમાં પણ અનેક સરકારી કર્મીઓ રજા પર હવાથી સરકારી કાર્યાલયો સૂમસામ બનશે તેમજ શાળાઓમાં પણ સળંગ રજાઓ આવતી હોવાથી મિની વેકેશનનો માહોલ સર્જાશે.

## દિલ્હી પબ્લિક સ્કુલ દ્વારા સંસ્કૃત સપ્તાહનું આયોજન

દિલ્હી પબ્લિક સ્કુલ ગાંધીનગરના સંસ્કૃત વિભાગ દ્વારા ૨૪મી ઓગષ્ટ સુધી સંસ્કૃત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. ઉદઘાટન પ્રસંગે સંસ્કૃત-સાંસ્કૃતિક કાર્યક્રમના અન્વયે વિદ્યાર્થીઓએ સંસ્કૃત નાટક, સંસ્કૃત ગરબા, સંસ્કૃત ગીત અને સમૂહગીતનું નિદર્શન કર્યું હતું. શાળાના આચાર્ય શ્રીમતી રાની ચૌધરી તથા ઉપાચાર્ય શ્રી કમલ ચંદ દ્વારા સંસ્કૃત પ્રદર્શની પણ આ પ્રસંગે ખુલ્લી મુકાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ બનાવેલ વિવિધ ચાર્ટ મોડેલ, મેગેઝીન, પ્રદેશ પત્રિકા, શબ્દકોષ તથા બુકમાર્કસ અને અનેકવિધ વસ્તુઓનું પ્રદર્શન એક સપ્તાહ સુધી ચાલશે. જે પ્રદર્શન નગરની વિવિધ શાળાઓ પણ જોઈ શકશે.

## વોર્ડ નં. ૮ના આંતરિક માર્ગોની મરામત અત્યંત જરૂરી

વોર્ડ નં. ૮માં આવતા સેકટર-૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટીના આંતરીક માર્ગો વરસાદ દરમિયાન ઉબડખાબડ બની ગયા છે. આ માર્ગોનું મરામત કામ તાત્કાલિક થાય તેવી માંગ વોર્ડ નં. ૮ના કાઉન્સિલર શ્રીમતી પાયલબેન વી. મેણાતે કરી છે. શ્રીમતી પાયલબેન મેણાતે કાર્યપાલક ઈજનેરને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, વોર્ડ નં. ૮માં આવતા વિવિધ સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદ દરમિયાન ખુબ ખાડા પડી ગયા છે. કેટલાક સ્થળે કોક્રીંટ ઉખડી જતા વાહનચાલકોને ખુબ તકલીફ પડી રહી છે અને અકસ્માતનો ભય રહે છે ઉઘાડ નીકળ્યો છે ત્યારે આ માર્ગોનું તાત્કાલિક રીપેરીંગ કરવું જરુરી બન્યું છે.

## સે-૬ સ્વામિનારાયણ મંદિર ખાતે પવિત્ર શ્રાવણમાસ કથાનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

શ્રી સ્વમિનારાયણ મંદિર, એસ.એમ.વી.એસ. સે-૬ ગાંધીનગર ખાતે તા. ૨૨થી ૨૬ ઓગષ્ટ દરમિયાન રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ કલાક દરમિયાન પવિત્ર શ્રાવણમાસ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથામાં દરરોજ જુદા જુદા પૂ. સંતોની દિવ્યવાણીનો લાભ ભકતોને મળશે. દરેક વ્યકિત આજના ભૌતિકસુખ સમૃધ્ધીની વચ્ચે રહેતો હોવા છતાં જીવનમાં અશાંતિ, પ્રશ્નો, મુંઝવણ, ચિંતા જેવા અનેક રોગોથી પિડાય છે અને દુઃખી થાય છે તો જીવનમાં આ તમામ રોગોથી મુકત થવા જરુરથી પવિત્ર શ્રાવણમાસ કથામાં પધારવા અને પૂ.સંતોની દિવ્યવાણીનો લાભ લેવા સાધુ અનાદિ સ્વરુપદાસ, સાધુ ગુણનિધીદાસ તથા સત્સંગ મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. કથાના અંતિમ દિવસે પૂ. નિર્ગુણજીવનસ્વામીની દિવ્યવાણીનો લાભ મળશે.

## ગાંધીનગર જિલ્લામાં રક્ષાબંધન નિમિત્તે સંઘ દ્વારા રાખડી બાંધવાનું દસ દિવસનું મહાઅભિયાન



ગાંધીનગર, તા. ૨૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગર જિલ્લાના સ્વયં સેવકો દ્વારા હિન્દુ સમાજની સર્વે જ્ઞાતિ એક રહે, સંગઠિત થાય, સમાજમાં સમરસતા-બંધુત્વ કાયમ રહે તેવા સંગઠિત ભાવ સાથે આ વર્ષે રક્ષાબંધન પર્વને એક જ દિવસ નહીં પણ દસ દિવસ માટે એટલે કે તા. ૮ થી ૧૮ ઓગષ્ટ દરમિયાન ઉજવવાનું નક્કી કરાયું હતુ. જેના ભાગરૂપે સંઘની દષ્ટીએ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર, માણસા, કલોલ, દહેગામ અને દસક્રોઈ એમ ૫ તાલુકાઓમાં કુલ ૭૫૯ થી વધુ કાર્યકર્તાઓ દ્વારા વિવિધ જ્ઞાતિના ભાઈ-બહેનોને એકોતેર હજારથી વધુ રાખડી -રક્ષાકવચ બાંધવામાં આવી હતી. તેમ ગાંધીનગર જિલ્લા સંઘચાલક નરસિંહભાઈ પટેલે જણાવ્યું હતું.

આ સમગ્ર અભિયાનમાં ૪ તાલુકા મથકો, નગરો સહિત કુલ ૨૬૪ ગામોમાં લોકોનો રૂબરૂ સંપર્ક કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં કાર્યકર્તાઓ અને પરિવારની બહેનો દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકા, વિવિધ નગરપાલિકાઓના સફાઈ કામદારો, વૃધ્ધાશ્રમ, નગરના પોલીસ સ્ટેશનો, હોસ્પિટલો, સચિવાલય બસ પોઈન્ટ, સરકારી કચેરીઓ, વિવિધ મંદિરો, સેક્ટરો અને ગામમાં પ્રત્યક્ષ જઈને નાગરિકોને રાખડી બાંધવામાં આવી હતી.

સંઘના આ રક્ષાબંધન પર્વ નિમિત્તે વિવિધ ક્ષેત્રોમાં જાહેર સ્થળોએ જઈને રાખડી બાંધીને સામાજિક સમરસતા વધુને વધુ મજબૂત બનાવી હિન્દુ સમાજને સંગઠિત રાખવાના આ નાનકડા પ્રયાસને સમાજમાંથી સારો એવો પ્રતિસાદ મળ્યો છે તેમ પણ ગાંધીનગર જિલ્લા સંઘચાલક દ્વારા જણાવાયું હતુ.

## તહેવારમાં જુસીકાના હોદ્દેદારોએ એમ્બ્યુલન્સ હંકારી સેવાનો અભિગમ અપનાવ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં સામાજીક સેવામાં હંમેશા અગ્રેસર રહેતી જુસીકા ૩૬૫ દિવસ ૨૪ કલાક કાર્યરત રહે છે. જાહેર તહેવારોના સમયે ઘણીવાર વિશેષ સેવાઓનું પ્રમાણ વધવા પામે છે ત્યારે તાજેતરમાં રક્ષાબંધન પર્વના દિવસે સંસ્થામાં ફરજ બજાવતા એમ્બ્યુલન્સ અને શબવાહીનીના ચાલકોની હાજરી નહીવત હોવાના કારણે સંસ્થાની સેવામાં કોઈ પણ જાતના વિક્ષેપ કે અવરોધ વગર સંસ્થાના હોદ્દેદારોએ એમ્બ્યુલન્સ અને શબવાહિની હંકારી સેવાની ઉત્તમ કામગીરી દર્શાવી હતી. એમ્બ્યુલન્સ અને અંતિમવાહીનીના ચાલકોને પણ સામાજીક કામો તેમજ તહેવારો, પ્રસંગોમાં જવાનું હોઈ શકે છે પરંતુ કોઈ પણ જાતના વિવાદ વગર પણ એમની સેવા તેઓ આપતા હોય છે.




## સાઈની તિરંગા યાત્રાએ આકર્ષણ જમાવ્યું

સ્વતંત્રતા માટે દોડ ૨૦૧૬ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-સાઈ દ્વારા યોજાયેલ તિરંગા યાત્રાને મેયર પ્રવિણભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું. આ તિરંગા યાત્રામાં સાઈના રિજિયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ, હેન્ડબોલ કોચ શશિમોહન ધુમાલ, કબડ્ડી કોચ જયવીર શર્મા, નહેરુ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડીનેટર રજનીકાંત સુથાર ઉપરાંત સાઈના અન્ય અધિકારીઓ, પ્ર શિક્ષકો તેમજ પ્રો-કબડ્ડીના સ્ટાર ખેલાડીઓએ સંદિપ નરવાલ, સુરેન્દર નાડા, રાજેશ મંડલ અને પેરાઓલમ્પિકના મેડાલિસ્ટ દેવેન્દ્રસિંઘ સહિત અનેક ખેલાડીઓ તથા તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ ઉપરાંત પ્રો-કબડ્ડીની મહિલા ખેલાડીઓ સાક્ષી, જયોતિ, પાયલ, કાફી અને વર્લ્ડ સ્કૂલ ગેમ્સના મેડાલિસ્ટ જયોતિ સિસોદિયા અને આમિન શરીફ પણ જોડાયા હતા.

# મારે તો અહીં આવતા યુવા ખેલાડીઓને જ કોચિંગ આપવું છે

## ગાંધીનગરને કબડ્ડી કોચિંગનું કાશી બનાવનાર કોચ જયવીર શર્માએ પ્રો-કબડ્ડીની ફ્રેન્ચાઈઝીઓની પ્રોફેશનલ કોચિંગની ઓફરો ઠુકરાવી : પ્રો-કબડ્ડીના અઢળક સ્ટાર ખેલાડીઓ તેમણે તૈયાર કર્યા છે




ગાંધીનગર, તા.૨૧

રીઓ ઓલમ્પિક-૨૦૧૬માં ૭૦ વર્ષના આઝાદ હિન્દુસ્તાનને એક મેડલ મેળવવા માટે ફાંફાં પડી રહ્યા હતા. એ તો ભલુ થજો સાક્ષી મલિક અને પી.વી. સિંધુ જેવી દેશના ખરા સોના જેવી દિકરીઓનું કે જેમણે ૧૨૫ કરોડના પુરુષ પ્રધાન રાષ્ટ્રની આબરૂ લીરેલીરા થતી બચાવી છે. દર ઓલમ્પિક ગેમ્સની જેમ આ વખતે પણ આપણા દેશમાં સ્પોર્ટસ કલ્ચર જ નથીના સૂર સાથે મોટી મોટી ફાંદવાળા બૌધ્ધિકોની લંગાર ચોમાસામાં ઉગી નિકળતા બિલાડીના ટોપની જેમ ટીવી પર ફૂટી નીકળી છે. આ ચર્ચાઓની ફલશ્રુતિ શું મળી તે સમય આવે ખબર પડશે પરંતુ ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે છેલ્લા આઠેક વર્ષથી એક કબડ્ડી કોચ ઢગલાબંધ પ્રોફેશનલ કોચીંગની ઓફરો ઠુકરાવી દેશ માટે મેડાલિસ્ટ ખેલાડીઓ તૈયાર કરવા ઝઝુમી રહ્યા છે. આ કોચ તથા તેમના પુરોગામી કોચ જેમને તેઓ ગુરુ માને છે તે બંનેના પ્રતાપે આજે ગાંધીનગર કબડ્ડી કોચીંગ માટેનું 'કાશી' ગણાય છે.

જે રાજય આમ તો અમાનવીય પુરુષ પ્રધાન નિર્ણયો લેતી 'ખાપ' પંચાયતોના કારણે મહિલાઓ પ્રત્યે જુનવાણી વિચારસરણી ધરાવતું હોવાની છાપ ધરાવે છે તે જ હરિયાણા રાજયમાંથી જ આવતી સાક્ષી મલિકે ભારતને પહેલો ઓલમ્પિક મેડલ અપાવ્યો છે અને આ રાજયમાંથી સંખ્યાબંધ મહિલા ખેલાડીઓએ વિવિધ રમતોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. આજ રાજયના એક નાનકડા ટાઉન ભિવાનીના જયવીર શર્મા નાનપણથી ભણવામાં હોંશિયાર હતા. ખેડૂત પિતાના પાંચ દિકરાઓમાં ચોથા નંબરના જયવીર શર્માના પરિવારમાં તેમના 'તાઉજી' એટલે કે મોટા બાપુજી તથા ભાઈઓ જુડો, કબડ્ડી વગેરે રમતોના ખેલાડીઓ હતા એટલે જયવીર શર્માને પણ સ્પોર્ટસની ધૂન લાગી. હરિયાણાના દરેક ગામમાં કબડ્ડી સૌથી સસ્તી અને ગમે ત્યાં રમી શકાય તેવી હોવાને કારણે લોકપ્રિય હતી. જયવીરે પણ ગામના સુપ્રસિધ્ધ કોચ છાજુરામ ગોયેલ પાસે કબડ્ડી શીખવાનું ચાલુ કર્યું. કબડ્ડી રમવા જતા અભ્યાસમાં પાછળ પડવા લાગેલા જયવીરને તાઉજીએ કહ્યું, 'તું ગમે તે એકની પસંદગી કર, કાં તો અભ્યાસમાં ધ્યાન આપ અથવા તો રમતમાં ધ્યાન આપ.' જે તાઉજીની ઈચ્છા જયવીરને સરકારી ઓફિસર બનાવાની હતી તેમની જ આ સલાહથી જયવીરે રમતને પસંદ કરી અને એટલે સુધી તેમાં મહારત હાંસલ કરી કે હરિયાણાના રાજય તરફથી રાષ્ટ્રીય કક્ષાએ સતત ત્રણ વાર રમ્યાં. એટલું જ નહી પરંતુ કુરુક્ષેત્ર યુનિવર્સિટી તરફથી રમતા બે વાર ગોલ્ડ મેડલ પણ મેળવ્યો.

કુરુક્ષેત્ર યુનિવર્સિટીમાંથી જયવીર શર્માએ 'માસ્ટર ઈન સ્પોર્ટસ'ની પોસ્ટ ગ્રેજયુએશન ડિગ્રી મેળવી અને ત્યારબાદ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ગાંધીનગર સેન્ટરમાંથી 'ડિપ્લોમાં ઈન સ્પોર્ટસ એન્ડ કોચિંગ' પણ કર્યું. આ ડિગ્રી મેળવ્યાના માત્ર બે વર્ષમાં તેમને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે સાઈ દ્વારા કબડ્ડી કોચની નોકરી પણ મળી ગઈ અને ૧૯૯૨ થી ૨૦૦૮ સુધી રાજસ્થાન, બીડ મહારાષ્ટ્ર, પુણે, કાંદિવલી (મુંબઈ) વગેરે જગ્યાએ કબડ્ડીનું કોચિંગ કર્યું.



૨૦૦૮થી તે ગાંધીનગર જોડાયા. અત્યાર સુધીમાં તેમણે નેશનલ લેવલના દરેક એજ ગૃપ જેવા કે જુનિયર, સહ જુનિયર, યુથ, સિનિયર તમામ ખેલાડીઓને તાલીમ આપી અને ૨૦૦થી વધુ નેશનલ ગોલ્ડ મેડાલિસ્ટ ખેલાડીઓ આપ્યા છે. આ સાથે તેમણે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા માટે પણ ૧૦૦થી વધુ મેડાલિસ્ટ ખેલાડીઓ તૈયાર કર્યા. તેમના હાથે તાલીમ પામેલા ૧૧ જુનિયર ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા. જેમાં જુનિયર એશિયન ચેમ્પિયનશીપનો પણ સમાવેશ થાય છે. જે સતત ત્રણ વાર ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૬માં રમાઈ હતી. માત્ર જુનિયર જ નહિ પરંતુ ૧૦થી વધુ સિનિયર ખેલાડીઓએ પણ સેફ ગેમ્સ, એશિયન ચેમ્પિયનશીપ, બીચ એશિયન ગેમ્સ વગેરેમાં ગોલ્ડ મેડલ મેળવ્યા છે. વર્ષ ૨૦૧૩માં સાઈ તથા કબડ્ડી ફેડરશન ઓફ ઈન્ડિયા દ્વારા તેમને ઈન્ડોર એશિયન ગેમ્સ માટે કોરિયાના કોચ તરીકે નિયુકત કર્યા અને તે વર્ષે કબડ્ડીના ઈતિહાસમાં પ્રથમવાર કોરિયાની પુરુષ અને મહિલા બંને ટીમે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા. વર્ષ ૨૦૦૦થી તેઓ જુનિયર અને સિનિયર બંને ભારતીય ટીમ માટે કબડ્ડીનું કોચિંગ કરે છે.

ગાંધીનગરને કબડ્ડીનું હબ બનાવનાર તેમના પુરોગામી કોચ ઈ. પ્રસાદરાવને તેઓ કબડ્ડીના દ્રોણાચાર્ય કહે છે. ઈ. પ્રસાદરાવની ગાંધીનગરથી ટ્રાન્સફર થતા તેમના સ્થાને નિયુકત થતા જયવીર શર્માને તેમણે કહ્યું કે આ સેન્ટરને મારી જેમ સંભાળજે અને જયવીર શર્માએ તે કરી બતાવ્યું. જયવીર શર્માએ કોચીંગ સંભાળ્યા પછી સાઈની ટીમને સતત ત્રણવાર નેશનલ મેડલ પ્રાપ્ત થયો. અને સાઈ ગાંધીનગરના ૧૦થી વધુ ખેલાડી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરી આવ્યા. વર્ષ ૨૦૧૪માં કબડ્ડીના પ્રોફેશનલ વર્ઝન પ્રો-કબડ્ડીનો પ્રારંભ થયો. જેમાં અત્યાર સુધીમાં જયવીર શર્માના હાથે તાલીમ પામેલ ૩૫ થી ૪૦ ખેલાડીઓ સ્ટાર બની ચુકયા છે. આ ખેલાડીઓમાં રાહુલ ચૌધરી, સંદિપ નરવાલ, અમિત હુડ્ડા, દિપક હુડ્ડા, મોહિત ચિલ્લાર જેવા આજે ઘરે ઘરે જાણીતા નામો સામેલ છે. હાલની પ્રો-કબડ્ડી ચેમ્પિયન પટના પાયરેટસ ઉપરાંત તેલુગુ ટાઈટન્સ, દબંગ દિલ્હી અને યુ-મુંબા જેવી ટીમોની ફ્રેન્ચાઈઝીએ પ્રોફેશનલ કોચીંગની ઓફર કરી હોવા છતાં જયવીર શર્મા વિનમ્રતાથી ઠુકરાવી કહે છે 'મારે તો અહીં આવતા યુવા ખેલાડીઓને જ કોચિંગ આપવું છે તેમને છોડીને જવા મારું દિલ માનતું નથી' આગામી ઓલમ્પિક ટોકિયો-૨૦૨૦માં કબડ્ડીનો પણ સમાવેશ થશે જ તેવો આત્મવિશ્વાસ ધરાવતા જયવીર શર્માની હાલ નજર ઓકટોબરમાં અમદાવાદ ખાતે રમાનાર કબડ્ડી વર્લ્ડ કપ પર છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## નભોઈ કેનાલમાં કુદેલા બે યુવાનોના મૃતદેહ જમીયતપુરા કેનાલમાંથી નીકળ્યા

### વિસનગરના ઉદલપુર ગામના બંને પિતરાઈ ભાઈઓ મધર ડેરીમાં નોકરી કરતા હતા : ખિસ્સામાંથી સિમકાર્ડ-મેમરીકાર્ડ વગરનો મળેલો મોબાઈલ રહસ્યમય

ગાંધીનગર, તા.૨૧

નભોઈ નર્મદા કેનાલ બહારથી એક એકટીવા અને ચંપલ ગઈ કાલે મળી આવ્યા હતા. જેને આધારે પોલીસ અને ફાયરબ્રિગેડે કેનાલમાં શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન આજે બપોરે એકટીવા ચાલક યુવાન અને તેનો પિતરાઈભાઈ બંનેના મૃતદેહ જમીયતપુરા કેનાલમાંથી મળી આવ્યા હતા. બંને ત્રણ દિવસથી લાપતા હતા અને મધરડેરીમાં નોકરી પણ સાથે કરતા હતા. વિસનગરના ઉદલપુર ગામના બંને પિતરાઈ ભાઈઓએ આપઘાત કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું છે જો કે તપાસ કરતી અડાલજ પોલીસ હજુ આપઘાત પાછળના રહસ્યને જાણી શકી નથી. પોલીસ તે દિશામાં તપાસ ચલાવી રહી છે.

મળતી માહિતી મુજબ નભોઈ નર્મદા કેનાલ બહારથી એક એકટીવા અને ચંપલ મળી આવ્યા હતા. પોલીસે નંબરને આધારે તપાસ કરતાં મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ઉદલપુર ગામના યુવાનનું એકટીવા હોવાનું ખુલ્યું હતું. તપાસ કરતાં એકટીવા લઈને ફરતો ૨૦ વર્ષીય નિરવ દિનેશભાઈ ઉદેલ અને આ જ ગામનો તેનો પિતરાઈ ભાઈ ૧૯ વર્ષીય અશીત બાબુભાઈ પરમાર બંને ત્રણ દિવસથી ગુમ હોવાનું જાણવા મળ્યું હતું. બંને પિતરાઈ ભાઈઓ મધર ડેરીમાં સાથે નોકરી કરતા હતા અને થોડા દિવસોથી અશીત તેના પરિવાર સાથે ધોળાકુવા મકાન ભાડે રાખીને રહેતો હતો. કેનાલ બહાર પડેલું એકટીવા નિરવનું અને ચંપલ અશીતના હતાં. બંને સાથે કેનાલમાં પડયા હોવાની શંકાને પગલે ગઈ કાલે પણ ફાયરબ્રિગેડની ટીમે નભોઈ કેનાલમાં શોધખોળ કરી હતી પરંતુ ભાળ મળી ન હતી. દરમિયાન આજે બંનેના મૃતદેહ જમીયતપુરા કેનાલમાંથી મળી આવ્યા હતા. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી જમાદાર મુળજીભાઈએ તપાસ શરુ કરી છે. આપઘાત કરવા પાછળનું સ્પષ્ટ કારણ બહાર આવ્યું નથી. જો કે અશીતના ખિસ્સામાંથી એક મોબાઈલ મળ્યો છે જેમાં સીમકાર્ડ કે મેમરી કાર્ડ ગાયબ છે. આ પણ એક રહસ્યમય બાબત હોવાથી પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

● સ્વ. જોઈતારામભાઈ ઉજમદાસ પટેલ, ઉ.વ. ૭૫
● સ્વ. સુભદ્રાબેન અમૃતભાઈ સુથાર, ઉ.વ. ૬૫